Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 2 • Issue :27• Date : 24-10-2024 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

"GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL

### રાજ્યના કૃષિમંત્રી દ્વારા સહાય પેકેજ જાહેર કરવામાં આવ્યું

# રાજ્યના ખેડૂતો માટે ૧૪૧૯.૬૨ કરોડનું સહાય પેકેજ જાહેર કરાયું

## ૩૩ ટકાથી વધુ નુકસાન હશે તેમને નિયમ પ્રમાણે મળશે મદદ : ૨૦ જિલ્લાના ૧૩૬ તાલુકાના ખેડૂતોનો આ રાહત પેકેજમાં સમાવેશ કરવામાં આવ્યો છે



ગાંધીનગર

ગુજરાતમાં છેલ્લા ઘણાં સમયથી કમોસમી વરસાદ વરસી રહ્યો છે અને હાલ ખેડૂતોનો પકવેલો પાક સંપૂર્ણ નાશ પામ્યો છે, ગત વર્ષે પણ આવી જ પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. ખેડૂતોને આજીવિકાનો અન્ય કોઈ સ્ત્રોત ન હોવાથી ખેડૂતો આર્થિક રીતે પાયમાલ થયા છે અને દેવાના બોજ તળે દબાયા છે. ત્યારે હવે રાજ્યના કૃષિમંત્રી દ્વારા ખેડૂતો માટે ૧૪૧૯.૬૨ કરોડનું સહાય પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં રાજ્ય સરકારના બજેટમાંથી ૩૬૨ કરોડની સહાય આપવામાં આવશે.

ઋષિકેશ પટેલ દ્વારા પ્રેસ કોન્ફરન્સ કરીને ઓગસ્ટમાં વરસેલા વરસાદના કારણે જે ખેડૂતોનો મુખ્ય પાક જેવા કે ડાંગર, સોયાબીન, મગફળી જેવા પાક બગડી જતાં ભારે નુકસાનનો સામનો કરવો પડ્યો, તેવા ખેડૂતો માટે સહાય ૧૪૧૯.૬૨ કરોડનું પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ૨૦ જિલ્લાના ૧૩૬ તાલુકાના ખેડૂતોનો આ રાહત પેકેજમાં સમાવેશ કરવામાં આવ્યો છે. પિયત વિસ્તારમાં હેક્ટર દીઠ ૨૨ હજાર રૂપિયાની સહાય અને બિન પિયત વિસ્તારમાં હેક્ટર દીઠ ૧૧ હજારની સહાય આપવામાં આવશે.

કૃષિમંત્રીના જણાવ્યા અનુસાર, ૬ હજારથી વધુ ગામોના આશરે ૭લાખ ખેડૂતોને આ સહાય પેકેજનો લાભ મળી શકશે. નોંધનીય છે કે, ૮ લાખ હેકટર જેટલા વિસ્તારમાં ૩૩ ટકાથી વધુ નુકસાન થયું હોય તેમાં નિયમો હેઠળ સહાય ચુકવવામાં આવશે. આ સહાય પેકેજ ફક્ત ઓગસ્ટ મહિનામાં વરસેલા વરસાદમાં થયેલાં નુકસાન માટે જ જાહેર કરવામાં આવ્યું છે. આ સિવાય પાછોતરા વરસાદને લઈને થયેલાં પાક નુકસાન વિશે પણ સર્વે કરવામાં આવશે. તેમજ તે અંગે પણ ખેડૂતોને સહાય માટે રાજય સરકાર વિચાર કરશે. કૃષિ મંત્રી રાઘવજી પટેલના જણાવ્યા અનુસાર, રાહત મેળવવા માટે ખેડૂતોએ ડિજીટલ ગુજરાત પોર્ટલ પર ખેડૂતની સાતબાર, બેન્ક એકાઉન્ટની વિગત, અને આધાર નંબર સાથે ખેડૂતોએ અરજી કરવાની રહેશે.

ઓગસ્ટ મહિનામાં થયેલા વરસાદના નુકસાન માટે રાજ્યના અમદાવાદ, રાજકોટ, જૂનાગઢ, સુરત, વડોદરા, પંચમહાલ, નવસારી, સુરેન્દ્રનગર, દ્વારકા, ખેડા, આણંદ, મોરબી, જામનગર, કચ્છ, તાપી, દાહોદ, ડાંગ, ભરૂચ, પાટણ અને છોટા ઉદેપુર જિલ્લાનો સમાવેશ કરવામાં આવ્યો છે. દિવાળી બાદ ખેડૂતોને આ સહાય પહોંચાડવામાં આવશે.

આ સહાયનો ૪ લાખ ૧૯ હજાર જેટલા ખેડૂતોને લાભ મળશે. **SDRF** સહિત ટોપઅપ રકમની રાજ્ય સરકારે જાહેરાત કરી છે. ઓગસ્ટ માસમાં પડેલા વરસાદથી થયેલ નુકસાનીને રાહત પેકેજની જાહેરાત કરવામાં આવી છે. નોંધનિય છે કે, પાછોતરા વરસાદમાં થયેલ પાક નુકસાનીનો પણ સર્વે કરાશે. તૈયાર પાકો પર પડેલા વરસાદના કારણે થયેલ નુકસાનીનો સર્વે પણ કરવામાં આવશે. જે તાલુકામાં પાછોતરો વરસાદ થયો છે ત્યા ફાઈનલ સર્વે કરવામાં આવશે.

તમને જણાવી દઈએ કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પાછોતરા વરસાદથી નુકસાનનો સર્વે કરવાનો નિર્દેશ આપ્યો છે. તૈયાર પાક પલળી ગયા અથવા ઢળી ગયા હોય તેનો પણ સર્વે કરાશે. તૈયાર પાક પાણીમાં તણાઈ ગયા હોય તો તેનો પણ સર્વે થશે. નોંધનિય છે કે, બિન પિયતમાં પ્રતિ હેક્ટર ૧૧ હજારની સહાય કરવામાં આવશે. પિયત પાકોમાં પ્રતિ હેક્ટર ૨૨ હજારની સહાય કરાશે. પિયત પાકોમાં **SDRF**ના ૧૭ હજાર, રાજ્ય સરકારના ૫ હજાર અપાશે. ચોમાસામાં રાજ્ય સરકારે નુકસાનીનો રિપોર્ટ કેંદ્ર સરકારને સોંપ્યો છે. ખેતી નુકસાન, રોડ-રસ્તા, સિંચાઈના નુકસાનનો રિપોર્ટ કેંદ્રને સોંપવામાં આવ્યો છે.

# અંકલેશ્વરની એક કેમિકલ ફેક્ટરીમાં ડ્રગ બનાવવાના રેકેટનો પર્દાફાશ થયો

## પોલીસે જ્યારે કંપની પર દરોડો પાડ્યો ત્યારે ત્યાંથી ડ્રગ્સ બનાવવાનો ૪૩૦ કિલો કાચો માલ મળી આવ્યો હતો

અંકલેશ્વર

અંકલેશ્વરની એક કેમિકલ ફેક્ટરીમાં ચાર તબક્કામાં એસીટોન, પ્રોમો, ટ્રામાડોલ અને અન્ય કેમિકલ ઉમેરીને એમડી ડ્રગ બનાવવાના રેકેટનો પર્દાફાશ થયો છે. આ એમડી દવાઓ બનાવનારા નથી પરંતુ રસાયણોના નિષ્ણાત છે. અંકલેશ્વરની અવસર કેમિકલ ફેક્ટરીમાં માર્ગબાઝ એચઆર, લેબ ટેકનિશિયન અને કેમિસ્ટ કરોડો રૂપિયાની દવાઓ બનાવતા હતા. પોલીસે જ્યારે કંપની પર દરોડો પાડ્યો ત્યારે ત્યાંથી ડ્રગ્સ બનાવવાનો ૪૩૦ કિલો કાચો માલ મળી આવ્યો હતો. જો આ કાચા માલને ડ્રગ્સમાં ફેરવવામાં આવે તો તેની કિંમત ૪૦૦ કરોડ રૂપિયા થઈ જાત.અંકલેશ્વર જીઆઈડીસી એસ્ટેટમાં આવેલી અવસર એન્ટરપ્રાઈઝ નામની ફેક્ટરીમાં મોટી માત્રામાં એમડી ડ્રગ્સ બનાવતા ચાર લોકોની પોલીસે ધરપકડ કરી છે. આ કંપનીના માલિક અનિલ અમીન અમેરિકામાં રહે છે, પરંતુ તેણે કંપની ચલાવવાની જવાબદારી આરોપી વિશાલ પટેલને આપી હતી. ટૂંક સમયમાં, વધુ પૈસા કમાવવાના લોભમાં, આ લોકોએ તેમની કંપનીમાં કામ કરતા કેમિસ્ટ, એચઆર અને લેબ ટેકનિશિયન સાથે મળીને દવાઓ બનાવવાનો ધંધો શરૂ કર્યો. તે છેલ્લા છ મહિનાથી ડ્રગ્સ બનાવતો હતો. આરોપીઓએ મુંબઈમાં બે કિલો ડ્રગ્સ પણ સપ્લાય કર્યું છે. આ લોકો ચાર તબક્કામાં ડ્રગ્સ બનાવતા હતા. ચાર તબક્કામાં દવા બનાવવામાં લગભગ ૧૫ થી ૨૦ દિવસનો સમય લાગ્યો હતો. તેને ક્રિસ્ટલ સ્વરૂપમાંથી પાવડર સ્વરૂપમાં અને પછી પાવડર સ્વરૂપમાંથી ક્રિસ્ટલ સ્વરૂપમાં રૂપાંતરિત કરવા માટે ગરમી લાગુ કરવામાં આવી હતી.

પોલીસ કમિશનર અનુપમ સિંહ ગેહલોતે જણાવ્યું કે આરોપીઓની વેલંજા ગામમાંથી ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓ પાસેથી બે કિલો ડ્રગ્સ મળી આવ્યું છે. જેની કિંમત બે કરોડ રૂપિયા છે. આરોપીએ જણાવ્યું કે અંકલેશ્વર જીઆઈડીસી સ્થિત અવસર એન્ટરપ્રાઈઝ કંપની છે. જે કેમિકલ બિઝનેસ સાથે સંબંધિત છે. આ તમામ લોકો કર્મચારી છે. તેઓ જુદા જુદા વિભાગોમાં કામ કરે છે.

આરોપી મોન્ટુ પટેલ અવસર એન્ટરપ્રાઈઝના એચઆર વિભાગમાં નોકરી કરે છે. આરોપી વિરાટ પટેલ લેબમાં કામ કરે છે અને બીજો આરોપી વિપુલ કેમિસ્ટ છે.

# દિવાળીના તહેવાર પર ચાર દિવસની રજા જાહેર

અમદાવાદ

રાજ્ય સરકારના કર્મચારીઓ માટે ખુશીના સમાચાર આવ્યા છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા કર્મચારીઓ માટે ચાર દિવસની રજા જાહેર કરવામાં આવી છે. જેમાં દિવાળી બાદ પડતર દિવસે પણ રજા જાહેર કરાઈ છે. જેને લઈને સરકારી કર્મચારીઓમાં ખુશીનો માહોલ છે.

રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલ પરિપત્ર અનુસાર, કેલેન્ડર વર્ષ ૨૦૨૪ મુજબ તા.૩૧-૧૦-૨૦૨૪ ગુરુવારે દિવાળીની રજા, તા.૨-૧૧-૨૦૨૪ શનિવારના રોજ નૂતન વર્ષની રજા તથા તા.૩-૧૧-૨૦૨૪ રવિવારના દિવસે ભાઈબીજ નિમિત્તે જાહેર રજા આવે છે. આ વચ્ચે તા.૧-૧૧-૨૦૨૪ શુક્રવારના રોજ સરકારી કચેરીઓ ચાલુ રહેવાની હતી.

*તંત્રીની કલમે.................*

# સંસ્કૃતિ અને પરંપરાઓને નકારતું 'વોક કલ્ચર'

અમેરિકામાં એક યુવતીએ પોતાના માતા-પિતા પર એટલા માટે કેસ ઠોકી દીધો, કારણ કે આ ધરતી પર પેદા કરતાં પહેલાં તેને પૂછ્યું પણ નહોતું! તેને એ નહોતું કહેવાયું કે જીવન જીવવા માટે મહેનત કરવી પડશે અને ઘર ચલાવવા માટે પૈસા કમાવા પડશે! એક વાલી રૂપે ડો.મોહન ભાગવતે આપણને ફૂટ અને અસામંજસ્યની પશ્ચિમી વિચારધારાથી ભરમાઈ જવાના ખતરાઓ પ્રત્યે સચેત કર્યા છે, જે આપણા સમાજમાં 'વોકિઝમ' અને 'સાંસ્કૃતિક માર્ક્સવાદ' રૂપે મૂળ્યાં જમાવી રહ્યું છે. દશેરાના ભાષણમાં સરસંઘચાલક ડો.મોહન ભાગવતે કહ્યું કે 'ડીપ સ્ટેટ', 'વોકિઝમ', 'કલ્ચરલ માર્ક્સસ્ટિ' જેવા શબ્દો આ દિવસોમાં ચર્ચામાં છે. તેમણે કહ્યું કે કેવી રીતે તે તમામ સાંસ્કૃતિક પરંપરાઓના દુશ્મન છે. તેમણે આપણને સચેત કર્યા કે મૂલ્યો, પરંપરાઓ અને જે કંઈ પણ સારું અને શુભ માનવામાં આવે છે તેનો સંપૂર્ણ વિનાશ આ સમૂહની કાર્યપ્રણાલીનો એક હિસ્સો છે.

સરસંઘચાલકે એ વિભિન્ન પગલાંની સ્પષ્ટ યાદી બનાવી જેના દ્વારા સાંસ્કૃતિક પરંપરાઓ પર હુમલો કરવામાં આવે છે. તેમણે કહ્યું કે પહેલું પગલું સમાજની માનસિકતાને આકાર આપનારી પ્રણાલીઓ અને સંસ્થાઓને પોતાના પ્રભાવમાં લાવવાનો છે. શિક્ષણ પ્રણાલી અને શૈક્ષણિક સંસ્થા, મીડિયા, બૌદ્ધિક પ્રવચન વગેરે તેનાં મુખ્ય ઉદાહરણ છે. તેના માધ્યમથી સમાજના વિચારો, મૂલ્યો અને વિશ્વાસને નષ્ટ કરવામાં આવે છે અને એક સાથે રહેતા સમાજમાં, એક ઓળખ-આધારિત સમૂહને તેની વાસ્તવિક કે કૃત્રિમ રૂપે નિર્મિત વિશેષતા, માંગ, આવશ્યકતા કે સમસ્યાના આધાર પર અલગ થવા માટે ઉશ્કેરવામાં કે પ્રેરિત કરવામાં આવે છે. તેમાં પીડિત હોવાની ભાવના પેદા થઈ જાય છે.

અંતિમ ચરણમાં અસંતોષને હવા આપીને એ ઓળખ-આધારિત તત્ત્વને બાકી સમાજ કરતાં અલગ કરી વ્યવસ્થા વિરુદ્ધ આક્રમક બનાવી દેવામાં આવે છે. સમાજમાં દોષ શોધીને સીધેસીધા ઝગડા પેદા કરવામાં આવે છે. તે ઉપરાંત, કાયદો-વ્યવસ્થા, શાસન-પ્રશાસન વગેરે પ્રત્યે અવિશ્વાસ અને ઘૃણાની ભાવના તીવ્ર બનાવીને અરાજકતા અને ભયનો માહોલ બનાવવામાં આવે છે. એનાથી આ દેશ પર પોતાનું પ્રભૂત્વ સ્થાપિત કરવું આસાન થઈ જાય છે. આપણી પાસે જે સીમિત સ્થાન છે, તેમાં આપણે વોકિઝમ પર ધ્યાન કેન્દ્રિત કરીએ.

વોકિઝમ છે શું? તેના મૂળ અર્થમાં વોકિઝમનો અર્થ છે આસપાસની સમસ્યાઓ પ્રત્યે જાગવું. દેખીતી રીતે તે વ્યાપક અન્યાયને દૂર કરવા માટે એક ઉમદા પ્રયાસ હતો. જોકે વોકિઝમ ત્યારે ખુદ એક વિકૃતિ બની ગયું, જ્યારે તે સાંસ્કૃતિક માર્ક્સવાદીઓ દ્વારા ફૂટ પાડવાનું એક ઉપકરણ બની ગયું. માત્ર સમાનતા અને ન્યાયના આધાર પર સમાજ અને રાષ્ટ્ર-રાજ્યની કલ્પના ન કરી શકાય. તેમને ભાઈચારો જોઈએ, તેમને એક્તાની જરૂર છે. વાસ્તવમાં સામાજિક ન્યાયના સૌથી મોટા સમર્થક ડો.આંબેડકરે કહ્યું હતું, 'હું ઈચ્છું છું કે તમામ લોકો પહેલાં ભારતીય હોય, આખરમાં ભારતીય હોય, અને કંઈ જ નહીં પણ ભારતીય હોય.' આંબેડકર એ સમયે એક પ્રાસંગિક મુદ્દો બની ગયા જ્યારે તેમણે સમાનતા અને ન્યાયના આદર્શો અને પ્રથાઓને ભાઈચારા અને એક્તા સાથે સમાહિત કરી દીધા. 'વોકિઝમ'ના અનુયાયી એવા સકારાત્મક વિચારો સાથે સહમત નથી. તેઓ ભારતની સાંસ્કૃતિક પરંપરાઓ પર હુમલો કરતાં કહે છે કે આ માત્ર અન્યાય પેદા કરે છે અને તેને ઉત્તેજન આપે છે. તે આપણી પારિવારિક વ્યવસ્થાને 'પિતૃસત્તાત્મક' કહીને તેના પર હુમલો કરે છે અને તેની નિંદા કરે છે, તે આપણા ઉત્સવો અને રિવાજોની નિંદા કરે છે, તેઓ દરેક ભારતીય સંસ્કૃતિની ટીકા કરવા માટે તેને 'રૂઢિવાદી' કહે છે.

'વોકિઝમ'ને એક્તામાં કોઈ દિલચસ્પી નથી. તેની રુચિ વિખંડનમાં છે. તે સમાજ અને વ્યક્તિઓને તેની ઓળખના આધાર પર નાના-નાના ટુકડાઓમાં તોડીને મિલન અને સદ્ભાવના કોઈપણ પ્રયાસને છિન્ન-ભિન્ન કરી દેવા માગે છે. તે 'માનવતા', 'માનવજાતિ', 'પૃથ્વી ગ્રહ', કે 'હિંદુ' જેવા એકીકૃત આંકડાઓને સ્વીકાર નથી કરતા, બલ્કે તેઓ વ્યક્તિઓને તેમના લિંગ, પંથ, જાતિ, વર્ગ, રંગ વગેરેના આધાર પર તોડે છે. જેમ માર્ક્સ-મેકોલેએ ૧૯૪૭થી જ આપણા શિક્ષણ અને સાંસ્કૃતિક સંસ્થાઓ પર કબ્જો કરી લીધો હતો, તેથી નુક્સાન થઈ ચૂક્યું હતું. અભ્યાસક્રમ સુધારમાં વર્ષો લાગી જશે. કેટલાક પુરાવાની તપાસ કરીએ. શું આપણે ધ્યાન આપ્યું છે કે કેટલાંક આખ્યાન કે વિમર્શ, વર્ષના કેટલાક નિશ્ચિત સમયે વિશેષ રૂપે જોવા-સાંભળવા મળતાં રહે છે, જેમ કે દિવાળી દરમ્યાન ફટાકડાનો ઉપયોગ, પ્રદૂષણ અને જળવાયુ પરિવર્તન પર ચર્ચા છેડાઈ જાય છે.

### ટમેટા, ડુંગળી, બટેકાના ભાવમાં ધરખમ વધારો

# શાકભાજીના ભાવ આસમાને પહોંચતા ઘરનું બજેટ ખોરવાયું

## સામાન્ય રીતે આ સિઝનમાં રૂ.૨૦થી ૨૫ કિલોના ભાવે મળતા ટમેટા છૂટક બજારમાં હાલ રૂ.૧૨૦ના ભાવે વેચાઈ રહ્યા છે

વડોદરા

દિવાળી-નવા વર્ષના તહેવારોના પ્રારંભિક દિવસોમાં જ શાકભાજીના ભાવ આસમાને પહોંચતા ગૃહિણીઓના ઘરનું બજેટ ખોરવાયું છે. આવા દિવસોમાં સામાન્ય રીતે શાકભાજીના ભાવ પ્રમાણમાં ખૂબ ઓછા હોય છે પરંતુ ભારે વરસાદ અને કોલ્ડ સ્ટોરેજની વ્યવસ્થા ન હોવાના કારણે સપ્લાય ચેનને ભારે અસર થઈ છે. સામાન્ય રીતે આ સિઝનમાં રૂ.૨૦થી ૨૫ કિલોના ભાવે મળતા અને મોટાભાગના તમામ શાકમાં વપરાતા ટમેટા છૂટક બજારમાં હાલ રૂ.૧૨૦ના ભાવે વેચાઈ રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે દિવાળી-નવા વર્ષના તહેવારો અગાઉ શાકભાજીના ભાવ પ્રમાણમા ખૂબ ઓછા હોય છે. પરંતુ ચોમાસામાં સિઝન કરતા પડેલો દોઢ ગણો વરસાદ તથા હવામાન મુખ્ય કારણભૂત છે તેવી જ રીતે



શાકભાજીના સંગ્રહ કરવાની સમસ્યાનું પણ કોઈ નિવારણ નથી. આવી જ રીતે પુરવઠાની સમસ્યા પણ જવાબદાર છે. ઘણીવાર ભારે હવામાનના કારણે શાકભાજી ઝડપથી બગડી જાય છે. પરિણામે ફેંકી દેવાનો વખત વેપારીઓને આવે છે. આવી જ રીતે કોલ્ડ સ્ટોરેજની પણ સમસ્યા શાકભાજી વાળાને નડી રહી છે. આવી અનેક સમસ્યાઓ શાકભાજીના ભાવ વધવા માટે કારણભૂત છે.

હાલ બટાકાના ભાવ જે સામાન્ય રીતે કિલોના ૨૫ થી ૩૦રૂપિયા, જ્યારે ડુંગળીના ભાવ રૂ.૨૦ના બદલે રૂ.૧૦૦ પર પહોંચ્યો છે. આવી જ રીતે તમામ શાકભાજીમાં વપરાતા ટમેટા પણ છૂટક બજારમાં કિલોના રૂપિયા ૧૨૦ જેવા થયા છે. ઉપરાંત સપ્લાય ચેઈનની પણ ખૂબ મોટી અસર શાકભાજીના ભાવ પર પડતી હોય છે.

સિઝનમાં આવા જ સમયે શાકભાજીની ઉપજ વધી જતા ભાવ એકદમ તળિયે આવી જાય છે. પરિણામે ઘણીવાર ખરીદનાર કોઈ નહીં હોવાથી વેપારીઓને શાકભાજી ફેંકી દેવાનો પણ વખત આવતો હોય છે. જોકે શાકભાજી માટે સંગ્રહ બિલકુલ શક્ય નથી. પરિણામે હાલ શાકભાજીના ભાવ પર ભારે અસર પડી છે. આગામી દિવાળી અને નવા વર્ષના તહેવારોમાં પણ શાકભાજીના ભાવ ઘટવાની કોઈ શક્યતા જણાતી નથી.

### કાર્યવાહીથી કોર્પોરેટ જગતમાં સોપો

# વડોદરામાં આવકવેરા વિભાગના ૨૦થી વધુ સ્થળે સામૂહિક દરોડા

## ચાર બિલ્ડર ગ્રૂપને ત્યાં વહેલી સવારે ૧૫૦થી વધુ આવકવેરા વિભાગના અધિકારીઓની ટીમોની કાર્યવાહી

વડોદરા

દિવાળીના તહેવાર પૂર્વે જ વડોદરા શહેરના ચાર બિલ્ડર ગ્રૂપને ત્યાં વહેલી સવારે ૧૫૦થી વધુ આવકવેરા વિભાગના અધિકારીઓની ટીમોએ ૨૦થી વધુ સ્થળે સામૂહિક દરોડા પાડી કાર્યવાહી હાથ ધરી છે. આ કાર્યવાહીથી કોર્પોરેટ જગતમાં સોપો પડી ગયો છે.

વડોદરા શહેરના જાણીતા એવા ચાર બિલ્ડર ગ્રૂપને ત્યાં આવકવેરાના અધિકારીઓની અલગ અલગ ટીમોએ સામૂહિક દરોડાની કામગીરી આજે વહેલી સવારથી શરૂ કરી હતી. વડોદરા શહેરના હરણી મોટનાથ મંદિર પાસે શરૂ કરવામાં આવેલી રત્નમ ગ્રૂપની સ્કીમના સંચાલક નિલેશ શેઠ તેના ભાઈ પ્રકાશ શેઠ સહિત તેમના ભાગીદારોના નિવાસ્થાન તેમજ ઓફિસો પર આજે સવારથી આવકવેરા દરોડાની કામગીરી ચાલી રહી છે.

રત્નમ ગ્રૂપ સાથે સંકળાયેલા આર્કિટેક તેમજ અન્ય ફાઈનાન્સરને ત્યાં પણ આવકવેરા વિભાગે તપાસ હાથ ધરી છે. આ ઉપરાંત વડોદરા શહેરના હાઈવે બાયપાસની આજુબાજુમાં સ્કીમો કરનાર બે બિલ્ડર ગ્રૂપને ત્યાં પણ હાલમાં આવકવેરાની કામગીરી ચાલુ હોવાની પ્રાથમિક માહિતી મળી છે. આવકવેરા વિભાગે વહેલી સવારથી શરૂ કરેલી કામગીરીમાં ૧૫૦થી વધુ અમદાવાદ સુરત અને વડોદરાના આવકવેરાના અધિકારીઓની અલગ અલગ ટીમો કામગીરી કરી રહી છે. આ દરોડામાં આવકવેરા વિભાગે ચાર બિલ્ડર ગ્રૂપના ભાગીદારો તેમજ તેમની સાથે સંકળાયેલા ફાઈનાન્સરોની ઓફિસે તેમજ તેમના નિવાસ્થાને મળી ૨૦થી વધુ જગ્યાઓ પર સામૂહિક દરોડાની કામગીરી ચાલી રહી છે.

આ દરોડા દરમિયાન આવક વિભાગની ટીમોએ બેનામી નાણાકીય વ્યવહારોની માહિતી તેમજ બિલ્ડર ગ્રુપ દ્વારા જમીનોની લે-વેચ અને તેમાં થયેલા બેનામી વ્યવહારોની માહિતી મેળવી છે. સાથે સાથે મહત્ત્વના દસ્તાવેજો જપ્ત કર્યા છે. એટલું જ નહીં કોમ્પ્યુટરો તેમજ અન્ય સાધન સામગ્રી પણ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે.

### સુરત પાલિકા ટર્શરી ટ્રીટેડ વોટરથી ૧૪૫ કરોડની મેળવી રહી છે આવક

# સુરતની પાણી માટેની પાણીદાર કામગીરીને ધ્યાને રાખીને રાષ્ટ્રપતિના હસ્તે એવોર્ડ એનાયત

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે સુરતના મેયર, સ્થાયી સમિતિ અધ્યક્ષ અને મ્યુનિ. કમિશનરે એવોર્ડ સ્વીકાર્યો



સુરત

સુરત મહાનગરપાલિકા દ્વારા પાણી માટે વિવિધ કામગીરી કરી છે તેના કારણે ભારત સરકાર દ્વારા સુરત પાલિકાને પાંચમાં નેશનલ વોટર એવોર્ડ ૨૦૨૩ ની જાહેરાત કરી છે. આજે દિલ્હી ખાતે સુરતની પાણી માટેની પાણીદાર કામગીરીને ધ્યાને રાખીને રાષ્ટ્રપતિના હસ્તે એવોર્ડ આપવામાં આવ્યો હતો. આ એવોર્ડ મ્યુનિ.કમિશનર, મેયર અને સ્થાયી અધ્યક્ષે એવોર્ડ સ્વીકાર્યો હતો.

ભારત સરકાર ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ જળશક્તિ, ડિપાર્ટમેન્ટ ઓફ વોટર રિસોર્સ, રીવર ડેવલપમેન્ટ અને ગંગા રિજુવિનેશન દ્વારા પાણી માટેની કામગીરી માટે દર વર્ષે એવોડ જાહેર કરવામાં આવે છે. એવોર્ડ પહેલા દેશના વિવિધ શહેરો દ્વારા એપ્લિકેશન કરવામાં આવી હતી. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકાએ બેસ્ટ અર્બન લોકલ બોડી કેટેગરીમાં ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ (કન્ઝર્વેશન ઓફ નેચરલ રિસોર્સ એન્ડ મેકીંગ સીસ્ટમ સેલ્ફ સસ્ટેનેબલ થ્રુ સેલ ઓફ ટ્રીટેડ વેસ્ટ વોટર) વિષયથી એપ્લીકેશન કરી હતી. હાલમાં સુરત પાલિકા ટર્શરી ટ્રીટેડ વોટરથી ૧૪૫ કરોડની આવક મેળવી રહી છે. અને ટર્શરી ટ્રીટ પાણી ઉદ્યોગોને પાણી આપીને મીઠા પાણીની બચત પણ કરી રહી છે.

સુરત પાલિકાએ પાણી માટે અનેકવિધ કામગીરી કરી છે. જેમાં ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ થકી ઈન્ડસ્ટ્રીને પાણી આપી આવક ઉભી કરવી, રિચાર્જ બોરવેલ તેમજ ટ્રી-પ્લાન્ટેશન જેવી કામગીરી ધ્યાને લેવામાં આવી હતી અને પાલિકાની આ કામગીરી બદલ સુરતને પ્રથમ ક્રમ જાહેર કરવામાં આવ્યો હતો.

આ પહેલા સુરત મહાનગરપાલિકાને દેશભરના સૌથી સ્વચ્છ શહેરોમાં પ્રથમ ક્રમાંક મળ્યો હતો અને ત્યારબાદ કેન્દ્રીય પર્યાવરણ વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા સ્વચ્છ વાયુ સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ૧૩૧ શહેરોને પાછળ રાખીને સુરત શહેરે પહેલો નંબર મેળવ્યો હતો. ૨૦૦ માંથી ૧૯૪ ક્રમાંક મેળવીને સુરત શહેર પહેલો નંબર આવ્યો હતો.

હવે સુરત પાલિકા નેશનલ વોટર એવોર્ડમાં પણ અગ્રેસર રહ્યું છે. આજરોજ નવી દિલ્હી ખાતે આયોજિત કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે સુરતના મેયર દક્ષેશ માવાણી, સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજન પટેલ અને મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલને એવોર્ડ સ્વીકારવામાં આવ્યો હતો.

---

### સુસાઈડ કર્યા વગર ખેડૂત પાસે કોઈ વિકલ્પ નથી : ખેડૂત

# ગોંડલના એક ખેડૂતનો કૃષિમંત્રી રાઘવજી પટેલ સાથે વાતચીતની ઓડિયો ક્લિપ વાઈરલ

રાજકોટ

રાજયમાં સૌરાષ્ટ્ર સહિત અનેક વિસ્તારોમાં પાછોતરા વરસાદને કારણે ખેડૂતોના પાકને ભારે નુકસાન થયું છે. જેમાં સૌરાષ્ટ્રના અમરેલી, જૂનાગઢ સહિતના જિલ્લામાં ખેડૂતોના મગફળી, સોયાબીન સહિતના પાક પર પાણી ફરી વળ્યું છે.

સૌરાષ્ટ્રના ખેડૂતોના પાકને ભારે નુકસાની પહોંચી છે, ત્યારે ગોંડલના એક ખેડૂત કૃષિમંત્રી રાઘવજી પટેલ સાથે વાતચીતની ઓડિયો ક્લિપ વાઈરલ થઈ રહી છે.

ગોંડલના ખેડૂત ઓમદેવસિંહે કૃષિમંત્રીને ફોન કરીને પાક નુકસાની અંગે જાણકારી આપી અને કૃષિમંત્રીને ખેડૂતોને હાલત શું છે તેને લઈને સ્થળ મુલાકાત લેવા જણાવ્યું. જેમાં ખેડૂતે કહ્યું કે, 'તમે આવો તો ખરા. અત્યારે બારેમેઘ ખાંગા છે.

તમે સૌરાષ્ટ્રના છો, તમને બધી ખબર હોય ને.. આ ખેડૂત મરી ગયો છે અને મરી જવાનો છે. સુસાઈડ કર્યા વગર ખેડૂત પાસે કોઈ વિકલ્પ નથી.' જ્યારે કૃષિમંત્રી રાઘવજી પટેલે કહ્યું કે, 'સારું, આપણે સહાય-મદદનો પ્રયત્ન કરીશું.

આ પછી ખેડૂતે કહ્યું કે, 'મદદ નહીં સાહેબ, તમે બધાને કહો કે પરિસ્થિતિ શું છે, સતત વરસાદ ચાલુ છે. તમે સ્થળ પર આવો, હું તમને પરિસ્થિતિ બતાવું.' જેના જવાબમાં કૃષિમંત્રીએ કહ્યું કે, 'હા, આવીશ... આવીશ...'

ગોંડલ માર્કેટિંગ યાર્ડના મગફળીના મોટા વેપારીએ કહ્યું કે, પાછોતરા વરસાદને કારણે આ વર્ષે ખેડૂતોને આશરે ૫૦ ટકા મગફળીના પાકને નુકાસન થયું છે. જ્યારે ૨૫ ટકા માલ તો સાવ ખરાબ થઈ ગયો છે.

જો કે, ગત વર્ષ કરતા આ વર્ષે આ વખતે ઉત્પાદન વધ્યું છે, પરંતુ પાક નુકસાન થવાથી તેની ક્વોલિટી પર મોટી અસર વર્તાશે. અંતે ખેડૂતોએ પાક નુકસાનીનો સર્વે કરીને યોગ્ય વળતર ચૂકવવામાં આવે તેવી સરકાર પાસે માગ કરી છે.

---

# લીલો દુકાળ જાહેર કરી ૧૦ હજાર કરોડનું પેકેજ આપે સરકાર : કોંગ્રેસ

અમદાવાદ

ગુજરાતમાં હાલ છેલ્લા કેટલાક દિવસથી ઘણાં વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે. જેના કારણે જગતના તાતને મોટુ નુકસાન વેઠવું પડી રહ્યું છે. ખેડૂતોના મોઢે આવેલો કોળીયો છીનવાઈ ગયો છે.

રાજયના ખેડૂતોના પાક વિમાના પ્રશ્નને લઈને હવે કોંગ્રેસના નેતાઓ પણ ખેડૂતોની પડખે આવ્યા છે. કોંગ્રેસના નેતાઓએ માંગ કરી છે કે, લીલો દુકાળ જાહેર કરીને ૧૦ હજાર કરોડ રૂપિયાનું પેકેજ ખેડૂતો માટે જાહેર કરવામાં આવે. ખેડૂતોના પાકને થયેલા નુકસાન અંગે કોંગ્રેસ નેતા લલિત કગથરાએ જણાવ્યું હતું કે, 'વરસાદથી ખેડૂતોને મોટું નુકસાન થયું છે અને હાલમાં ખેડૂતોની હાલત ખૂબ જ ખરાબ છે. સરકાર દ્વારા ખેડૂતોને સહાય આપવાની કોઈ જાહેરાત કરાઈ નથી. તેથી સરકારે લીલો દુકાળ જાહેર કરને ખેડૂતો માટે ૧૦ હજાર કરોડ રૂપિયાની સહાય જાહેર કરવી જોઈએ, જો ખેડૂતો માટે સહાયની જાહેરાત નહીં થાય તો કોંગ્રેસ રસ્તા પર ઉતરશે. ૨૮મી ઓક્ટોબરથી સમગ્ર રાજ્યમાં આંદોલનની શરૂઆત કરાશે.' બીજી તરફ કોંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલે જણાવ્યુ હતું કે રાજ્ય-કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોને માત્ર સહાયની વાતો કરવામાં આવે છે. ભાજપ સરકારમાં ખેડૂતોની હાલત કફોડી બની છે. ખેડૂતોના આપઘાતની ઘટનામાં ૧૧ ટકાનો વધારો થયો છે. સરકાર સરવેના નામે માત્ર નાટક કરી રહી છે. ઉદ્યોગપતિઓનું દેવું માફ કરવામાં આવે છે પરંતુ ખેડૂતોને કંઈ મળતું નથી.' ઉલ્લેખનીય છે કે, રાજ્યના વિવિધ ભાગોમાં પડેલા વરસાદના કારણે કપાસ, મગફળી, સોયાબીન, મરચા, ડુંગળી સહિતનાં તૈયાર પાકને વ્યાપક નુકસાન થયું છે. જેને લઈને પીડિત ખેડૂતોને વહેલી તકે યોગ્ય સહાય વળતર ચૂકવવા માંગ ઊઠી છે. કેન્દ્ર સરકારના ૨૦૧૬ના મેન્યુઅલ પ્રમાણે કુદરતી આપત્તિમાં રાજ્યોને પુરતી સહાય આપવી જોઈએ. આ વખતે રાજ્યમાં ૧૪૦ ટકા વરસાદ થયો છે અને ૧૪ જિલ્લામાં ખેતીના પાકો નષ્ટ થઈ ગયા છે. જે પાક બચ્યાં છે તેમાં ગુણવત્તાનો અભાવ જોવા મળે છે એટલે કે પ્રોડક્ટિવિટી ઘટી ગઈ છે, પરિણામે ઉત્પાદન પણ ઓછું થવાનો ભય છે.

---

# આણંદમાં વડોદરા જિલ્લાની ૨૨ વર્ષની યુવતી પર પરિણીત યુવકનો બળાત્કાર

વડોદરા,

બાવીસ વર્ષની યુવતીને ચાલ ફરવા જઈએ તેમ કહી બાઈક પર બેસાડીને આણંદ મિત્રના ઘેર લઈ ગયા બાદ કરજણ તાલુકાના હાંડોદ ગામના વિધર્મી બે સંતાનોના પરિણીત મિત્રએ બળાત્કાર ગુજાર્યો હોવાની ફરિયાદ થતા પોલીસે પરિણિત ૩૪ વર્ષના યુવાનની ધરપકડ કરી હતી.

કરજણ તાલુકામાં રહેતી યુવતીએ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે ચાર વર્ષ પહેલા હાદોડ ગામમાં રહેતા સિરાજ અબ્દુલ ઘાંચી સાથે મિત્રતા થઈ હતી. તેણે પિડીતાને તેનો મોબાઈલ નંબર આપતા પિડીતા તેના માતા-પિતાની જાણ બહાર તેની સાથે વાત કરતી હતી.

થોડા દિવસ પહેલા સીરાજે તેને ફોન કરીને જણાવ્યુ હતુ કે આપણે ફરવા જવાનું છે, હું કહું ત્યારે તૈયાર થઈ જજે. ત્યારબાદ તારીખ ૧૪ના રોજ સવારે તેનો ફોન આવ્યો હતો અને બપોરે તું તૈયાર થઈ જજે હું આવીશ તેમ કહ્યું હતું. બપોરના સમયે યુવતી માતા-પિતા ખેતરે અને નાનો ભાઈ નોકરી પર હતો, ત્યારે આઈ સ્માર્ટ બાઈક લઈને સિરાજ આવ્યો હતો, તેની સાથે યુવતી પહેરેલે કપડે ઘરની બહાર નીકળીને તેની બાઈક પર બેસી ગઈ હતી. યુવતીને આણંદ ખાતે સિરાજ મિત્રના ઘેર લઈ ગયો હતો અને રાત્રે તેણે જણાવેલ કે અહીં આરામ કરી લઈએ કાલે સવારે આગળ ફરવા નીકળીશું.રાત્રે સિરાજે જણાવેલ કે, મારે તારી સાથે શરીર સંબંધ બાંધવો છે. ત્યારે યુવતીએ જણાવેલ કે આપણે માત્ર મિત્ર છે અને તમારા લગ્ન થઈ ગયા છે તેમ છતાં તેણે યુવતીની સાથે શરીર સંબંધ બાંધ્યો હતો. બીજા દિવસે યુવતીએ તેને જણાવેલ કે મારે ઘેર જવું છે તો કરજણ ચોકડી પર મૂકી જા. બાદમાં કરજણ હાઈવે પર આવ્યા પછી યુવતી સીધી પોલીસ સ્ટેશન ગઈ હતી. પોલીસને સમગ્ર હકીકતની જાણ કરી હતી બાદમાં પોલીસે માતા-પિતાને પણ બોલાવ્યા હતા. પોલીસે ઉપરોક્ત વિગતની ફરિયાદના પગલે પો. ઈ. આર. એન. રાઠવાએ તપાસ શરૂ કરીને સિરાઝ અબ્દુલભાઈ ઘાંચીની ધરપકડ કરી હતી.

---

## સુરતમાં નશામાં કાર હંકારી ચાર જણાને અડફેટે લીધા

સુરત,

સુરતમાં કારચાલકે નશામાં કાર હંકારી અકસ્માત કરતા ચાર જણા ઘાયલ થયા હતા. બીજીતરફ ઉશ્કેરાયેલા ટોળાએ કારચાલકને કારમાંથી બહારકાઢીને ઝોર માર માર્યો હતો. એચલું જ નહી કારની તોડફોડ પણ કરી હતી. સુરતના અલથાણમાં ૨૦ ઓક્ટોબરની રાતે અકસ્માતની ઘટના સામે આવી હતી. જેમાં બેફામ જતાં કારચાલકે ત્રણથી ચાર લોકોને અડફેટે લીધા બાદ રેનોલ્ટ ક્વીડ કાર **BRTS**ના ડિવાઈડર સાથે અથડાવી હતી.આ ઘટનાથી લોકો એટલી હદે રોષે ભરાયા હતા કે, કારચાલકને કાર બહાર ખેંચીને ધડાધડ ફડાકા ઝીંકી દીધા હતા. તો અન્ય એક યુવકે કારના બોનેટ ઉપર ચડીને કાચ પર લાતો મારી બુકડો બોલાવી દીધો હતો.

સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગની બલ્લે-બલ્લે

# સુરતમાંથી રોજ ૩૫૦થી વધુ ટ્રક માલ થાય છે સપ્લાય

## કાપડ મંડીના વેપારીઓ દ્વારા દિવાળી, છઠ પૂજા અને લગ્નસરાની એડવાન્સ ખરીદી કરવામાં આવી રહી છે

સુરત

કોરોનાકાળ બાદ સતત મંદીના માહોલમાંથી પસાર થતાં સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગને સામી દિવાળીએ ભારે તેજી છે. જ્યાં છેલ્લા આઠ વર્ષનો રેકોર્ડ આ દિવાળીએ તૂટવા જઈ રહ્યો છે. જેની પાછળનું કારણ અલગ અલગ રાજ્યમાંથી આવેલી કાપડ મંડીના વેપારીઓ દ્વારા દિવાળી, છઠ પૂજા અને લગ્નસરાની એડવાન્સ ખરીદી કરવામાં આવી રહી છે. જ્યાં પ્રતિદિવસ કાપડની ૩૫૦ જેટલી ટ્રક ટ્રાન્સપોર્ટ મારફતે અન્ય રાજ્ય બહાર જઈ રહી છે. જેની સાથે સાથે એર કાર્ગો, ટ્રેન અને ટ્રાવેલ્સ મારફતે પણ કાપડ રાજ્ય બહાર મોકલવામાં આવી રહ્યો છે. જ્યાં ચાલુ વર્ષે ૧૫ હજાર કરોડના વેપારની આશા વેપારીઓએ વ્યક્ત કરી છે.

એશિયાની સૌથી મોટી ટેક્સટાઈલ માર્કેટ સુરતમાં આવેલી છે. સુરતને ટેક્સટાઈલ તરીકેનું હબ ગણવામાં આવે છે. જેથી અલગ અલગ રાજ્યના વેપારીઓ અહીં ખરીદી માટે આવે છે. સુરતનું ટેક્સટાઈલ ઉદ્યોગ વર્ષ ૨૦૧૬ ના કોરોના કાળ બાદ મંદિરના માહોલમાંથી પસાર થતો આવ્યો છે. સતત મંદીના માહોલમાંથી પસાર થતાં ટેક્સટાઈલ ઉદ્યોગને આ વખતની દિવાળી ફળે તેવી આશા જાગી છે. ટેક્સટાઈલ ઉદ્યોગનો મુખ્ય વેપાર નવરાત્રી, દુર્ગા પૂજા, દિવાળી, છઠ પૂજા અને લગ્નસરા ની સીઝનમાં રહેલો છે. ગત વર્ષે માત્ર ૬૦ દિવસ દરમિયાન સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગના વેપારીઓ દ્વારા ૧૨,૦૦૦ કરોડનો વેપાર કરવામાં આવ્યો હતો. જે ચાલુ વર્ષે ૧૫૦૦૦ કરોડને પાર કરી જાય તેવી આશા વેપારીઓએ વ્યક્ત કરી છે.

સુરતના રીંગરોડ વિસ્તારમાં ૧૬૫થી પણ વધુ ટેક્સટાઈલ માર્કેટ આવેલી છે. જે માર્કેટની અંદર ૭૫ હજારથી વધુની દુકાનોનો સમાવેશ થાય છે. દિવાળીને હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે આ માર્કેટમાં તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. ટેક્સટાઈલ માર્કેટના વેપારીઓના જણાવ્યા પ્રમાણે છેલ્લા આઠ વર્ષની અંદર આવો દિવસ ક્યારેય જોયો નથી. જ્યાં પ્રતિ દિવસ ૩૫૦થી વધુ ટ્રક માલ ભરી રાજ્ય બહાર જઈ રહી છે. એટલું જ નહીં પરંતુ રાજ્યની અલગ અલગ કપડા મંડીમાંથી આવતા વેપારીઓ દ્વારા આપવામાં આવતા મબલક ઓર્ડરોને લઈ ટ્રેન,એર કાર્ગો,ટ્રાવેલ્સ સહિતના માધ્યમો દ્વારા પણ માલ અન્ય રાજ્યો બહાર મોકલવામાં આવી રહ્યો છે. ઓર્ડરની સામે પ્રોડક્શન પણ ઓછું પડી ગયું છે. કારણ કે મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાંથી વેપારીઓને મોટા ઓર્ડરો પ્રાપ્ત થઈ ગયા છે. જે ઓર્ડરને પહોંચી વળવામાં પણ વેપારીઓના પાસે સમય ઓછો છે. છતાં પણ પ્રોડક્શન વધારી આ ઓર્ડરને પૂરો કરવા માટે વેપારીઓ સક્ષમ છે. ટેક્સટાઈલ ઉદ્યોગનો પ્રમુખ તહેવાર એ દિવાળીનો છે. માત્ર ૬૦ દિવસના સમયગાળા દરમિયાન વેપારીઓ સંપૂર્ણ વર્ષનો વેપાર કરી લે છે. ગત વર્ષે ૧૨૦૦૦ કરોડનો વેપાર થયો હતો જે ચાલુ વર્ષે ૧૫૦૦૦ને પાર કરી જાય તેવી આશા છે.

મહત્વનું છે કે દિવાળીના વેકેશન બાદ માર્કેટની દુકાનો ઝડપથી ખુલતી નથી. જેના કારણે અન્ય રાજ્યની કાપડ મંડીના વેપારીઓ સુરત આવતા નથી. જેથી હાલ જ એડવાન્સમાં આ વેપારીઓ દિવાળી, છઠ પૂજા, લગ્નસરા જેવી સીઝનની એડવાન્સ ખરીદી કરી રહ્યા છે. જેનો સીધો લાભ હાલ સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગને થઈ રહ્યો છે.

અરજદાર, કર્મચારી-અધિકારીએ પણ હેલ્મેટ પહેરવું પડશે

# અમદાવાદ RTOમાં હેલ્મેટ વગર આવનારા લોકો સામે કાર્યવાહી કરાશે

## અમદાવાદ આરટીઓમાં રોજના મોટી સંખ્યામાં અરજદારો લાઈસન્સ, આર.સી. બુક સહિતના અનેક કામો માટે આવતા હોય છે

નવી દિલ્હી

હવે અમદાવાદ **RTO** કચેરી ખાતે કોઈ કામકાજ માટે જવાનું થાય તો ટુ વ્હીલર પર ફરજિયાત હેલ્મેટ પહેરીને જજો. જો હેલ્મેટ વગર **RTO**માં ગયા તો તમારી સામે દંડની કાર્યવાહી કરાશે. અમદાવાદ **RTO**એ આ અંગે કાર્યવાહી કરવા તમામ અધિકારીઓને સૂચના આપી છે. માત્ર અજદારો જ નહીં, પરંતુ **RTO** કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓ પણ હેલ્મેટ વગર કચેરી ખાતે આવશે તો તેમની સામે પણ કાર્યવાહી કરાશે.

આમ, હવે રાજ્યની અન્ય કચેરીઓની જેમ અમદાવાદ **RTO** કચેરીએ પણ હેલ્મેટના કાયદાનો કડકાઈથી અમલ કરવાનો નિર્ણય કર્યો છે. અમદાવાદ શહેર અને રાજ્યમાં વધતા જતાં માર્ગ અકસ્માતો અને તેનાથી ગંભીર ઈજા તથા મૃત્યુના બનાવોને ધ્યાનમાં લેતા માર્ગ સલામતી લોકજાગૃતિ તથા ટ્રાફિક નિયમોનું પાલન જરૂરી છે. ટુવ્હીલર વાહનચાલકો માટે હેલ્મેટનો ઉપયોગના કાયદાનું પાલન ઉપરાંત વ્યક્તિની સુરક્ષા નિશ્ચિત કરે છે. જેના પરિણામે માર્ગ અકસ્માતો વખતે માથામાં થતી ગંભીર ઈજાઓ અને મૃત્યુની શક્યતામાં નોંધપાત્ર ઘટાડો કરી શકાય તેમ છે. હેલ્મેટના કાયદાને લઈને હાઈકોર્ટ દ્વારા સરકારને કડક ટકોર કરી હતી. જેના પગલે રાજ્ય સરકાર દ્વારા પણ હવે આ કાયદાનો કડકાઈથી અમલ કરવા માટે કાર્યરત છે. જેના પગલે રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે. રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી તાકીદને પગલે અમદાવાદ **RTO** કચેરીના તમામ કર્મચારીઓ અને અરજદારોને કાયદાનું પાલન કરવા આદેશ કરાયો છે. **RTO**ના તમામ કર્મચારીઓ અને અધિકારીઓ તથા **RTO** અમદાવાદ કચેરીની મુલાકાતે આવતા દરેક પ્રકારના અરજદારોએ પોતાના ટુ વ્હીલર સાથે હેલ્મેટ પહેરવી જરૂરી છે.

આ નિયમનો ભંગ કરવામાં આવશે તો તે બદલ વાહનમાલિકો સામે કાયદેસરની કાર્યવાહી અથવા દંડની કાર્યવાહી હાથ ધરાશે. આ અંગે અમદાવાદ **RTO** દ્વારા તમામ અધિકારીઓને પરિપત્ર કરી સૂચના આપી છે. નોંધનીય છે કે, અમદાવાદ **RTO** કચેરી ખાતે રોજના મોટી સંખ્યામાં અરજદારો લાઈસન્સ, વાહનોના ફિટનેસ, આર.સી. બુક સહિતના અનેક કામો માટે આવતા હોય છે. જેમાં ઘણા અરજદારો હેલ્મેટ વગર જ વાહનો લઈને આવતા હોવાથી હવે તેમની સામે કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આમ, હવે બુધવારથી અમદાવાદ **RTO** કચેરી ખાતે આવતા અરજદારો હેલ્મેટ પહેરેલા જોવા મળશે. અરજદારો ઉપરાંત કર્મચારીઓ અને અધિકારીઓ પણ હેલ્મેટ પહેરીને આવતા થશે.

# ચિલોડામાં વિધર્મીએ હિંદુ દેવતા પર વિવાદાસ્પદ ટિપ્પણી કરી

ગાંધીનગર

ગાંધીનગરના ચિલોડાના સાદરા ગામે વિધર્મીએ હિન્દુ દેવી-દેવતા પર વિવાદીત ટિપ્પણી કરી હોવાની ઘટન સામે આવી છે. ભગવાન રામ અને માતા સીતા પર વિવાદસ્પદ ટિપ્પણી કરતા લોકોમાં રોષ જોવા મળ્યો છે. સોશિયલ મીડિયા પર ટિપ્પણી કરતા મામલો ગરમાયો છે.

બજરંગ દળ અને સાદરા ગામના સ્થાનિકો દ્વારા ગામમાં સજ્જડ બંધ છે. બજરંગ દળના સભ્યો ચિલોડા પોલીસ સ્ટેશનમાં ઉમટ્યાં છે. જવાબદાર સામે યોગ્ય કાર્યવાહી કરવા માગ કરી છે. બીજી તરફ ભાવનગરના સ્મશાનમાંથી વાંધાજનક હરકતો કરતા બાવાનો વીડિયો વાયરલ થયો છે. પોતાને અઘોરી બાવો કહેતા વ્યક્તિનો વીડિયો વાયરલ થયો છે. વીડિયો કુંભારવાડા સ્મશાનની અંદરનો હોવાનું સામે આવ્યું છે.ચિતાની જગ્યાએ ધુણતો હોય તેવો વીડિયોમાં જોવા મળે છે. પૂનમના દિવસે લોકોની સામે ધૂણી બાવો રહ્યો હતો. માતાજી વિરુદ્ધ પણ અપમાનજનક શબ્દોનો ઉચ્ચાર કર્યો હતા.

# વડોદરામાં એક તરફ સ્વચ્છતા અભિયાન બીજી તરફ રસ્તાઓની હાલત ખરાબ

વડોદરા

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વડાપ્રધાનના આગમન પૂર્વે પાંચ દિવસમાં તમામ ૧૯ વોર્ડમાં સ્વચ્છતાના ૧૯ કાર્યક્રમ હાથ ધરવા અને દિવસમાં બે વખત સફાઈ કરી શહેરને સ્વચ્છ રાખવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

નેતાઓ અને અધિકારીઓ હાથમાં ઝાડુ પકડી દેખાડા પૂરતી સફાઈ કરી ફોટોસેશન કરવામાં વ્યસ્ત છે. જોકે સફાઈ ઝુંબેશ બાદ પરિસ્થિતિ જેસે થે ઊભી થઈ જાય છે.

વિરોધ પક્ષ કોંગ્રેસના નેતા ભથ્થુએ કહ્યું છે કે વડાપ્રધાન આવવાના હોય, ત્યારે જ સફાઈ અભિયાન કરવામાં આવે છે તેનો અર્થ શું સમજવો ? હજુ ગયા અઠવાડિયે મુખ્યમંત્રી વડોદરા આવ્યા ત્યારે ટકોર કરી હતી કે પીએમ અને સીએમ આવે ત્યારે જ સફાઈ કરવાનું કેમ સૂઝે છે? વિપક્ષના નેતાએ કહ્યું હતું કે શાસકોએ શહેરની હાલત એવી કરી દીધી છે કે લોકો બેહાલ બની ગયા છે. કમર તોડ વેરો ભરતા લોકોની કોઈ કાળજી લેવાતી નથી.

સ્વચ્છતા અભિયાનની ટીકા કરતા તેમણે કહ્યું હતું કે સમગ્ર ગાજરવાડી વિસ્તારની હાલત જુઓ. શહેરની ઝૂંપડપટ્ટીઓની સ્થિતિ જુઓ તો ખ્યાલ આવે કે શહેરમાં સ્વચ્છતા કેવી છે. સ્લોટર હાઉસની આસપાસની પરિસ્થિતિ નિહાળો તો ખ્યાલ આવે કે નર્કાગાર શું છે? સુએજ પમ્પિંગ સ્ટેશનની આસપાસનો વિસ્તાર પણ ગંદકીથી ખદબદે છે.

મુખ્ય માર્ગો પર સફાઈ કરવામાં આવે છે, જ્યારે આંતરિક રસ્તાઓ પર કોઈ ધ્યાન અપાતું નથી. શહેરના ઘણા વિસ્તારોમાં ગંદા પાણીનો પ્રશ્ન છે તે હલ કરવામાં આવતો નથી. સ્વચ્છતા અભિયાનના નામે ધુમાડો કરવામાં આવી રહ્યો છે. આજે યોગા સર્કલ વિસ્તારમાં સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ કોર્પોરેશન દ્વારા કર્યો ત્યારે એ જ રોડ પર એટલે કે યોગાસર્કલ થી અકોટા રોડ પર કચરાના ઢગલા જોવા મળ્યા હતા અને બીજી બાજુ સફાઈ અભિયાન ચાલતું હતું, એટલે કે માત્ર પ્રતિકાત્મક સફાઈ કામગીરીનો કોઈ અર્થ રહેતો નથી. મકરપુરા ડેપો સામે ગંદકીએ સફાઈ અભિયાનના ધજાગરા ઉડાડ્યા હતા.

Printed, Published and Owned by SISODIYA VIJYABEN VARAJSINH and Printed at DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. and Published from "GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL